ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૮ ટકા

# સેકટર-૫સી સ્થિત ઘર-કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

## રૂ.૬૦ હજારની ૩૦ નંગ બોટલ એલસીબી પોલીસે પકડી પાડી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં દેશી તેમજ વિદેશી દારૂ છુટથી મળતો હોવાની વ્યાપક ફરીયાદો પણ ઉઠવા પામી હતી. ત્યારે શહેરના સેકટર-૫ સી ખાતે ઘર અને કારમાંથી મોંઘીદાટ દારૂની બોટલ મળી આવી છે. નિવૃત જવાન પાસે મહિને ચાર યુનિટ ની પરમીશન હતી. એલસીબી-૨ પોલીસે કાર અને ઘરમાં મળીને રૂ.૬૦,૨૩૦ ની કિંમતની નંગ- ૩૦ બોટલ સાથે નિવૃત જવાનને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.




સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ક્રાઈમ બ્રાંચના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે સમયે બાતમીદારો પાસેથી માહિતી એકઠી કરાઈ હતી. જે અંતગર્ત એલસીબી-૨ ને બાતમી મળી હતી કે સેકટર-૫ સી પ્લોટ નં. ૭૮૨-૧ ખાતે રહેતા નિવૃત જવાન સુરેશકુમાર પુરણસિંહ નૈનને પોતાની ઈકો ફોર્ડ સ્પોર્ટસ કારમાં મોંઘા ભાવની વિદેશી દારૂની હેરાફેરી કરી વેચાણ કરવામાં આવે છે. જેથી એલસીબી ટીમ દ્વારા સ્થળ પર જઈ રેઈડ પાડવામાં આવી હતી.તે સમયે ઈકો સ્પોર્ટસ કારમાં એક વ્યકિત શંકાસ્પદ હાલતમાં કંઈ કરતો જોવા મળ્યો હતો. પોલીસે સુરેશકુમારને પકડી પાડી કારની તલાશી લેતા ખાખી કલરના ખોખામાંથી મોંઘીદાટ દારુની બોટલ મળી આવી હતી. જયારે પોલીસે ઘરની તલાશી લેતા કબાટમાંથી દારુની બોટલ મળી આવી હતી. સુરેશકુમારને મહિને ચાર યુનિટની દારુની હેલ્થ પરમિશન હોવા છતા તેના કરતા વધુ દારૂનો જથ્થો રાખી તે છુટક વેચાણ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે રૂ.૬૦ હજારનો ૩૦ બોટલ દારુ અને રૂ.૩ લાખની ગાડી મળી કુલ રૂ. ૩.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# આજે સિવિલના ઓકિસજન પ્લાન્ટનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પીએસએ ઓકિસજન જનરેશન પ્લાન્ટનું લોકાર્પણ સોમવારના રોજ બપોરે ૧ કલાકે કરવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સફાઈ થી લઈને શામીયાણા સહિત તમામ ચીજવસ્તુનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. પોલીસ તંત્ર સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ લોકાર્પણની પૂર્વ સંધ્યા સુધી ખડેપગે કામગીરી કરી રહ્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડી રીસર્ચ સોસાયટી સંચાલિત જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ૬૦૦ બેડની કોવીડ હોસ્પિટલ ખાતે કોવીડ દર્દીઓની સારવાર માટે લીકવીડ ઓકિસજન પ્લાન્ટ કાર્યરત છે. ત્યારે સંભવિત ત્રીજી લ્હેરમાં દર્દીઓને ઓકિસજનની અછત ના સર્જાય તે માટે સન ફાઉન્ડેશન દિલ્લી તરફથી ગાંધીનગર મેડીકલ કોલેજને પીએસએ ઓકિસજન જનરેશન પ્લાન્ટ દાન કર્યો છે. આ પ્લાન્ટમાંથી ૫૦૦ લીટર પ્રતિ મિનીટ ઓકસીજન સપ્લાય કરે છે. બહારની હવામાંથી શુધ્ધ મેડીકલ ગ્રેડ ઓકસીજન બનાવવાની કેપેસીટી ૩૦ મીટર ક્યુબ-પ્રતિ કલાક (એક દિવસના અંદાજીત ૧૦૦ નંગ જમ્બો ડી ટાઈપ ઓકસીજન સીલીન્ડર )જેટલો ઓકિસજન બનાવી શકે છે. આ ઓકિસજન પ્લાન્ટ ૫૦થી ૬૦ કોવીડ દર્દીઓની ઓકિસજનની જરૂરીયાત પુરી પાડવા માટે ઉપયોગી બનશે.

આ પ્લાન્ટ સેમ ગેસ પ્રોજેકટસ પ્રાઈવેટ લીમીટેડ તરફથી સપ્લાય થયેલ છે. ઓકસીજન જનરેશન પ્લાન્ટની કિંમત અંદાજીત રૂ.૬૦ લાખ થાય છે. ત્યારે પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી સિવિલ હોસ્પિટલ ખાતે આવનાર હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

# ખોરજ જુની પંચાયત પાછળ જુગાર રમતા ત્રણ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ જુની પંચાયત કચેરીની પાછળના ભાગે કુંડાળુ વળીને જુગાર રમતા ત્રણ શકુનીઓને પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૧૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો શિવશકિત હોટલ પાસે ઉભા હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે ખોરજ જુની પંચાયત પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા પોલીસે કુંડાળુ વળીને જુગાર રમી રહેલા હર્ષદ રમણભાઈ ગજ્જર (ઉમીયાનગર), કનુ મોહનભાઈ પટેલ (અંબિકાનગર) તેમજ અતિથી હોટલ સામે છાપરા વિસ્તારમાં રહેતો દશરથજી સોમાજી ઠાકોરને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન મળી આવેલા રોકડ રકમ રૂ.૧૧૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સેક્ટર-૮ ખાતે વેક્સિન લેવા નગરજનોની ભીડ જામી



ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે વેક્સિન નથી તેવા બોર્ડ લટકતા જોવા મળતા નાગરીકો સેકટર-૮ ખાતે દોડી આવ્યા હતા. જેથી સેકટર-૮ ખાતે વેક્સિન લેવા ઈચ્છુક નાગરીકોની ભારે ભીડ જોવા મળી હતી. હાલના સમયે વેક્સિનને લઈ કકળાટ જોવા મળી રહ્યો છે. દરેક વેક્સિન કેન્દ્ર ખાતે નગરજનોનો ભારે ધસારો હોય છે અને પુરતી માત્રામાં વેકસીન ન હોવાથી ગમે તે સમયે વેક્સિનની કામગીરી તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવે છે. જેથી વેક્સિન સેન્ટર પર સવારથી વેક્સિન લેવા માટે નાગરીકોની લાંબી કતારો જોવા મળે છે.

# સે.૩ ન્યુ ખાતે વધતી ગેરકાયદેસર ઝુંપડપટ્ટીથી વસાહતીઓ પરેશાન

## સેક્ટર ફરતે બનાવેલી નવી કમ્પાઉન્ડ વોલને બાકોરાં પાડવા અને રાત્રે દારૂ પીને ધમાલ કરવા જેવા દૂષણોમાં વધારો

ગાંધીનગર તા.૧૧

પાટનગરના એક ખૂણામાં આવેલા સેક્ટર-૩ ન્યુ આમ તો લાંબા સમય સુધી વિકાસનાં કાર્યોથી વંચિત રહ્યું હતું પરંતુ હવે ધીરે ધીરે તેની કાયાપલટ થઈ રહી છે. જોકે હજુ પણ કેટલીક સમસ્યાઓ આ વિસ્તારના રહીશોને સતાવી રહી છે. સે.૩ન્યુ ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી સેક્ટરને ફરતે સુરક્ષા દીવાલ બનાવવામાં આવી છે જેનું કાર્ય પૂર્ણતાને આરે છે જેના કારણે રહીશોમાં આનંદની લાગણી તો છે પરંતુ આ કમ્પાઉન્ડ વોલની આસપાસના વનરાજી વાળા વિસ્તારમાં ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીઓ સ્વરૂપે દબાણ વધી રહ્યું છે. આ ઝૂંપડાવાસીઓ દ્વારા પાણી ભરવા માટે અથવા અન્ય કરણોસર અવારનવાર કમ્પાઉન્ડ વોલને બાકોરા પાડીને સેક્ટર વિસ્તારમાં ઘુસી જવાની ઘટનાઓ સર્જાતી રહે છે જેના કારણે વસાહતીઓની સુરક્ષા પર સવાલ ખડા થઈ રહ્યા છે. આ સાથે ઝૂપડપટ્ટી વિસ્તારમાં રાત્રીના સમયે દારૂ પીને તોફાન કરવા મોટા અવાજે અસભ્ય ભાષામાં ઝઘડા, કજિયા-કંકાસ કરવા, અંદરોઅંદર મારઝૂડ કરવી જેવા દુષણો વધી રહ્યાં છે જેની વસાહતીઓના બાળકો પર વિપરીત અસરો થઈ શકે છે. આ બાબતે સે.૩ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા સહિત હોદ્દેદારો દ્વારા સ્થાનિક પોલીસ તંત્રને પણ અનેકવાર જાણ કરવામાં આવી છે. સત્વરે જવાબદાર તંત્ર દ્વારા કડક હાથે પગલા ભરવામાં આવે અને સે.૩ન્યુ ખાતે વધી રહેલી ગેરકાયદેસર ઝૂંપડપટ્ટી પર અંકુશ આવે તેવી આ વિસ્તારના વસાહતીઓનાં માંગ પ્રવર્તી રહી છે.

# હવે ધોળાકુવાના રામદેવનગરમાં ગટર-પાણીની સમસ્યાએ માથું ઉંચક્યું



ગાંધીનગર તા.૧૧

ગાંધીનગરના ધોળાકુવા ગામમાં ઠાકોરવાસ અને દંતાણીવાસમાં છેલ્લા ઘણા દિવસથી પાણી અને ગટર લાઈનનું પાણી મિક્સ થઈ જવાને કારણે રોગચાળો પ્રસરવાની સમસ્યા સર્જાવા પામી છે જેનો ઉકેલ આવ્યો ના આવ્યો ત્યાં તો ધોળાકુવાના રામદેવનગરમાં પણ પીવાના પાણીની સમસ્યાએ માથું ઉંચક્યું છે. સ્થાનિક વસાહતીઓના જણાવ્યા અનુસાર આ બાબતે અનેક અરજીઓ કરવા છતાં પણ સમસ્યા દૂર થતી નથી, પહેલા તો પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થતું હતું, પછી હવે તો પીવાના પાણીની સૌથી મોટી સમસ્યા ઉભી થઈ છે કે મારવાડી વસાહતમાં પાણીની સાથે સાથે ગટર ઉભરાતી હોવાથી નળની આજુબાજુ માં ગટરનું પાણીનું ભરાણ થઈ રહ્યું છે. આ કારણે વસાહતીઓમાં ઝાડા-ઉલ્ટી જેવી બીમારીઓ ફેલાવાનો ભય છે. વળી આ વસાહતમાં પાણીના ભરવા નળ ઉપર ભારે ભીડ જામે છે જેના કારણે કોરોના મહામારી હોવા છતાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતુ નથી અને વસાહતીઓ મજબૂરીમાં પાણી ભરવાવમાટે મોટી સંખ્યામાં એક જગ્યાએ એકઠાં થાય છે.

# જિલ્લામાં સતત બીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત બીજે દિવસે કોરોનાનો એક પણ કેસ ન નોંધાતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે.


ગાંધીનગર શહેરમાં આજે પાંચ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેર-જિલ્લામાં જૂનના છેલ્લા સપ્તાહથી સંક્રમણ ઘટી રહ્યુ છે. આનો આ ક્રમ જો સતત એક સપ્તાહ સુધી ચાલુ રહે તો તે પછી જિલ્લો કોરોનામુક્ત થયો તેમ કહી શકાશે તેવુ તંત્રના સૂત્રોમાં ચાલતી ચર્ચાઓ સાંભળવામાં મળ્યુ હતુ. જિલ્લામાં રિકવરી રેટ પણ ૯૮ ટકા નોંધાયો છે. શહેર-જિલ્લામાં હવે કોરોના હારી ચુક્યો છે. છેલ્લા ૧૦ દિવસમાં સાત દિવસ શૂન્ય કેસ આવતા લગભગ કોરોના ધીમો પડ્યો હોવાના અણસાર મળે છે.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર દ્વારા

# વિશ્વ વસ્તી દિનની ઉજવણી અંતર્ગત જન-જાગૃતિ વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા, વર્ષ દરમિયાન વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ૧૧ જુલાઈ સમગ્ર વિશ્વમાં વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૮૭ માં વિશ્વની કુલ વસ્તી ૫ અબજના આંકડે પહોંચી ત્યારે સયુંક રાષ્ટ્ર સંઘે ૧૧ જુલાઈ ૧૯૮૯ ના દિવસને વિશ્વ વસ્તી દિન જાહેર કર્યો. વસ્તી વિસ્ફોટ ને કારણે સમગ્ર વિશ્વમાં ગુણવત્તા યુક્ત ખોરાક,પીવાનું શુદ્ધ પાણી,રોજગારી,સુખાકારી અને પર્યાવરણ સંદર્ભે અનેક ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. આજે




વિશ્વમાં દરરોજ અંદાજે ૨ લાખ જેટલા બાળકોનો જન્મ થાય છે.અને ૯૦ હજાર જેટલા નાગરિકોના મૃત્યુ થાય છે. ૧૯૬૯ માં વિશ્વના નાગરિકોનું સરેરાશ આયુષ્ય ૪૭ વર્ષ હતું જે આજે વધીને ૭૦ વર્ષનું થઈ ગયું છે. ચીન પછી ભારત વસ્તીની દ્રષ્ટી એ બીજા નંબરે આવે છે. આ બાબત અંગે જન જાગૃતિ કેળવાય તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર ધ્વારા વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. વિનુભાઈ પટેલ,હેલ્થ એજ્યુકેશન કન્સલ્ટન,ગુજરાત ઉપસ્થિત રહ્યા હતા. તેમને જણાવ્યું હતું કે વસ્તી વધારાના કારણે ભારત દેશમાં કુપોષણ,ભૂખમરો,બેરોજગારી,મોંઘવારી જેવી અનેક સમસ્યાઓ સર્જાય છે. આજનો વિશ્વ વસ્તી દિન,વસ્તીના મુદ્દાઓના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવા સમર્પિત છે. વિશ્વ દિવસની ઉજવણીનો હેતુ જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય આવશ્યકતાઓ વિષે જાગૃતિ લાવવાનો છે.૧૧ જુલાઈ ૨૦૨૧ ઉજવણીનો ધ્યેય કૌટુંબિક આયોજનનું મહત્વ લિંગ (સ્ત્રી-પુરુષ) સમાનતા,ગરીબી, માતૃત્વ અને માનવ અધિકાર જેવા વિવિધ વસ્તીના મુદ્દાઓ અંગે લોકોની જાગૃતિ વધારવાનો છે. થોડા વર્ષમાં ભારતની વસ્તી ચીન કરતા પણ વધી જશે. બ્રાઝીલ ,જાપાન,ઈટલી,ઈરાન જેવા દેશો માં વસ્તી ઘટાડાની પ્રક્રિયા જોવા મળે છે.આમ છતાં વૈશ્વિક વસ્તી એટલે દુનિયાની વસ્તીમાં ધરખમ વધારો થઈ રહ્યો છે . માટે વસ્તી નિયંત્રણ ની ખુબ જરૂર છે.

નિસર્ગ સાયન્સ સેન્ટરના મેંનેજીંગ ટ્રસ્ટી,ડૉ અનીલ પટેલે જણાવ્યું હતું કે વસ્તી વધારાના કારણે દર વર્ષે ૨૭ લાખ હેક્ટર જંગલોનો નાશ થઈ રહ્યો છે અને ૧૧૮ કરોડ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન થઈ રહ્યું છે જે ગંભીર પર્યાવરણીય અસરો પેદા કરે છે.માટે તેના પર નિયંત્રણની આવશ્યકતા જરૂરી છે. આ વેબીનારમા મોટી સંખ્યામાં નાગરિકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમના અંતે વસ્તી વધારા નિયંત્રણ જાગૃતિ માટેની પ્રતિજ્ઞા પણ સૌએ લીધી હતી.

# જન્મદિને વધામણી



પી સી ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪



હિમાંશુ ભચેચ
મો. ૭૬૦૦૦ ૬૭૫૧૬



દીપક નગીનદાસ શાહ
મો. ૯૮૯૮૧ ૬૧૬૩૯




ડો. વિવેક વાછાણી



આકાશ નારણભાઈ પટેલ
વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરિવાર



કિરણભાઈ પટેલ
રોટરી ક્લબ



દિશા ગૌરાંગ પટેલ




સન્ની સુખડિયા



કીથ ભાવેશ કાપડિયા



સંગીતા પ્રજાપતિ



હરિઓમ સંજયભારતી ગૌસ્વામી



યુગ જે પટેલ
મો. ૯૯૭૮૧ ૧૧૬૦૦

# સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટર ખાતે વેકસીન નથી તેવા બોર્ડ લાગ્યા..!



કોરોનાની ત્રીજી લહેર આવે તે પહેલા નાગરીકો વેકસીન લેવા માટે જાગૃત બન્યા છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી નાગરીકો એક કે બીજી જગ્યાએ વેકસીન લેવા માટે દોડધામ કરે છે. ત્યારે તંત્ર પાસે પણ ગણતરીના વેકિસનના ડોઝ આવતા ગણતરીની મીનીટોમાં વેકિસનના ડોઝ પુરા થઈ જતા નાગરીકોને ધરમધક્કા ખાવા પડે છે. ત્યારે રવિવારના રોજ સેકટર-૨ હેલ્થ સેન્ટર ખાતે વેકિસન લેવા માટે આવેલા નાગરીકોને વેક્સિન નથી તેવા બોર્ડ લટકતા જોવા મળ્યા હતા. જેથી નાગરીકો નિરાશ થઈને પરત ફરતા જોવા મળ્યા હતા.

# સોમવારે શ્રીમદ્ ભાગવત કથા વિરામ લેશે

ગાંધીનગર, તા. ૧૧

રાંધેજામાં સુંદરધામ પરિવાર દ્વારા છેલ્લા છ દિવસથી ભાગવત કથા ચાલી રહી છે જે સોમવારે વિરામ લેશે. ભારતીબાપુની વ્યાસપીઠે સંગીતમય કથાનો લાભ તમામ ભક્તોએ પ્રેમથી લીધો હતો. કથા વિરામ સાથે સોમવારે મહા-પ્રસાદનું પણ આયોજન સુંદરધામ પરિવાર દ્વારા કરાયુ છે. તથા ભારતીબાપુની આગામી શિવકથા ઉજૈન ખાતે યોજાવાની છે તેમ જણાવ્યુ હતુ.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર લસીબેન જવાનજી, ઉ.વ. ૬૭, મગોડી
- સ્વ.બ્રહ્મભટ્ટ લીલાબેન રમેશચંદ્ર, ઉ.વ.૮૧, સેકટર-૭
- સ્વ.પ્રજાપતિ માયાબેન ડાહ્યાભાઈ, ઉ.વ.૪૨, દહેગામ
- સ્વ.પાંડે દિલીપકુમાર જર્નાદન, ઉ.વ. ૫૭, સેકટર-૨૫